# Official Spokesperson's response to media queries on opinion of the Working Group on Arbitrary Detention concerning the case of Mr. Christian James Michel

February 26, 2021

---

# શ્રીમાન ક્રિસ્ટિયન જેમ્સ મિશેલનાં કેસ સંબંધિત મનસ્વી અટકાયત પર કાર્યકારી જૂથનાં અભિપ્રાય પર મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

ફેબ્રુઆરી 26, 2021

**શ્રીમાન ક્રિસ્ટિયન જેમ્સ મિશેલનાં કેસ સંબંધિત મનસ્વી અટકાયત પર કાર્યકારી જૂથનાં અભિપ્રાય પર મીડિયાનાં પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું હતું:**

શ્રીમાન ક્રિસ્ટિયન જેમ્સ મિશેલનાં કેસ સંબંધિત મનસ્વી અટકાયત પર અધિકૃત રીતે રજૂ કરવામાં આવે તે પહેલા જ કાર્યકારી જૂથનાં અભિપ્રાયનાં પસંદગીયુક્ત લીક થવાની બાબત અમે જોઇ છે.

શરૂઆતમાં, અમે સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે કાર્યકારી જૂથ કોઇ ન્યાયિક સત્તા નથી, અને તેથી, તેનાં અભિપ્રાયો સભ્ય રાજ્યો પર કાનૂની રીતે બંધનકર્તા નથી.

આ મુદ્દા પર કાર્યકારી જૂથની વિનંતી પર ભારત સરકાર દ્વારા જૂન 2020 માં તેઓને સમયસર માહિતી પ્રદાન કરવામાં આવી હતી.

અમને એ બાબતનો ખેદ છે કે કાર્યકારી જૂથ દ્વારા કરવામાં આવેલી તારવણીઓ મર્યાદિત માહિતી, ઓળખાણ થયા વગરનાં સ્ત્રોતોનાં પૂર્વગ્રહયુક્ત આક્ષેપો અને ભારતની ગુનાની ન્યાય પ્રણાલીની ખોટી સમજ પર આધારિત છે.

કરવામાં આવેલું પ્રત્યાર્પણ સંપૂર્ણ રીતે બે સ્વાયત્ત રાજ્યો વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવેલી એક્સ્ટ્રાડિશન ટ્રીટીનાં અનુપાલનમાં હતું. ધરપકડ અને અનુગામી કસ્ટડી કાયદાની પ્રક્રિયા અનુસાર કરવામાં આવ્યા હતા અને કોઇપણ આધાર પર મનસ્વી ગણી શકાય નહીં.

આરોપીને કદાપી તેનાં કાનૂની સલાહકાર રાખવાની કે ઉચિત સુનાવણીની ના પાડવામાં આવી નથી. બહુવિધ પ્રસંગો પર તેઓ ઉચ્ચ ન્યાયિકા સહિત અદાલતોમાં જઇ શક્યા છે તે તથ્ય જ આ વાતનો પુરાવો છે. સત્તાધિકારીતાઓ દ્વારા રાજદ્વારી સુલભતા પર પણ કોઇ નિયંત્રણો રાખવામાં આવ્યા નથી. તેઓની સાથે અન્ય અટકાયત કરવામાં આવતા લોકો જેવું જ વર્તન કરવામાં આવ્યું છે અને નિયમો અનુસાર જેલની સત્તાધિકારીતાઓ દ્વારા તમામ સુવિધાઓ પ્રદાન કરવામાં આવી છે.

કાર્યકારી જૂથ એ બાબતથી વાકેફ હોવું જોઇએ કે વાઇબ્રન્ટ અને સ્વતંત્ર ન્યાયતંત્રમાં ભારત માનવ અધિકારોનાં ઉલ્લંઘનો સામે મજબૂત ફરિયાદ નિવારણ યંત્રણા ધરાવે છે અને પેરિસ સિદ્ધાંતોનાં અનુપાલનમાં ‘કેટેગરી A’ રાષ્ટ્રિય માનવ અધિકાર કમિશન ધરાવે છે.

કાર્યકારી જૂથનાં અભિપ્રાય આપવા માટે આધાર બનતા આક્ષેપો તથ્યોથી વિરુદ્ધ છે. તેથી કાર્યકારી જૂથ દ્વારા આપવામાં આવેલા અભિપ્રાયને ભારત સરકાર નકારી કાઢે છે.

હ્યુમન રાઇટ્સ કાઉન્સિલનાં એક જવાબદાર સભ્ય તરીકે ભારત કાર્યકારી જૂથ સાથે કામ કરવાનું ચાલું રાખશે અને તમામનાં માનવ અધિકારોનું રક્ષણ કરવા માટે ભારતીય કાયદાઓની સંભવિત સીમાની અંદર જરૂરી માહિતી તેને પ્રદાન કરશે.

**નવી દિલ્હી**
**ફેબ્રુઆરી 26, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.